# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

**ચારિત્ર્ય નિર્માતા - શ્રી સ્વામિનારાયણ ભગવાન**

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

**रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति य मामकैः ।**

વ્હાલા મિત્રો ! શિક્ષાપત્રીનું આ સંસ્કૃત વાક્ય કદાચ જલ્દી નહીં સમજાય. પરંતુ આ સત્ય ઘટના વાંચ્યા પછી તમને બધો જ ખ્યાલ આવી જશે.

જગતના કલ્યાણ માટે સ્વામિનારાયણ ભગવાને ઉત્તર ભારતની યાત્રા પૂર્ણ કરી, તીર્થોને પાવન કરીને દક્ષિણ ભારત તરફ પ્રયાણ શરૂ કર્યું. ફરતા ફરતા તીરૂપતિ બાલાજી પહોંચ્યા. ત્યાંથી આગળ રામેશ્વર તરફ જવા પ્રયાણ કર્યું. રસ્તામાં એક બનાવ બન્યો.

સેવકરામ નામનો એક યાત્રિક એ રસ્તેથી રામેશ્વર જવા ચાલ્યો જાય છે. પોતાની સાથે થોડા અન્ય યાત્રિકો અને બે-ત્રણ શિષ્યો પણ ખરા.

રસ્તામાં વેઠવી પડતી અનેક વિંટબણાઓને લીધે સેવકરામ બિમાર પડ્યો. બે-ત્રણ દિવસમાં તો મંદવાડ ખૂબ વધી ગયો. અને સંગ્રહણીના હઠીલા દર્દમાં સપડાયો. બધાને લાગ્યું કે હવે આ યાત્રિક તો નહિ બચે તેથી ધીમે-ધીમે સૌ ચાલ્યા ગયા. એમના શિષ્યો પણ એમનો ત્યાગ કરી ગયા.

સેવકરામ પાસે એક હજાર રૂપિયાની સોનામહોરો હતી પણ સોના મહોરો કાંઈ સેવા કરી શકે ? ઘણા અજ્ઞાની માને છે કે સંપત્તિ હોય તો બધા જ સારા વાના થઈ શકે. પરંતુ સહકાર વિના સંપત્તિ કશું જ કરી શકતી નથી. આ સેવકરામ પાસે હજાર રૂપિયાની સંપત્તિ હોવા છતાં એ દુઃખી થઈ ગયો. અને પોતાની ચાકરી કરનાર કોઈ ન હોવાથી ઉંચે સાદે રડવા લાગ્યો.

સ્વામિનારાયણ ભગવાન એ વખતે યાત્રા કરતાં કરતાં તિરૂપતી બાલાજીથી રામેશ્વર પધારતા હતા. અને રસ્તામાં આ સાધુને રડતા જોયો. એટલે તેની પાસે જઈ આશ્વાસન આપ્યું અને જોયું કે ફક્ત આશ્વાસનથી રોગ મટશે નહી. આશ્વાસનની સાથે ચાકરી પણ કરવી જોઈએ. પોતાની યાત્રા થંભાવી દઈને પ્રભુ ત્યાં રોકાઈ જાય છે અને સેવકરામની સેવા કરવા લાગી જાય છે. દરરોજ કેળાના બગીચામાંથી કેળપત્રો લાવીને એક હાથ ઊંચી પથારી કરી આપતા. સ્નાન કરાવતા અને ખૂબ ચાકરી કરતા. ધીમે-ધીમે એ સેવકરામને કાંઈક ઠીક થવા લાગ્યું. પેટમાં કંઈક અનાજ પચવા માંડ્યું.

બાજુના ગામડાઓમાંથી ભિક્ષા માંગી લાવીને તેમાંથી સારી રસોઈ બનાવી પ્રભુ સેવકરામને જમાડતા. પછી સેવકરામને પથારીમાં સૂવાડી પોતે ફરીથી ભિક્ષા માટે ગામમાં જતા. કદાચ બીજીવાર ભિક્ષા ન મળતી તો ઉપવાસ પણ થતો. આ બાજુ સેવકરામને હવે ભૂખ ઉઘડી છે. તે દરરોજ પોતાના પૈસા આપીને પ્રભુ પાસે ગામમાંથી ઘી, ખાંડ વગેરે મંગાવતો અને જમી લેતો.

દુનિયામાં દુઃખો અનેક છે એ વાત સાચી પણ ઘણાં દુઃખો પોતાના સ્વભાવને કારણે જ આવે છે. બધા માણસો આમને એકલો મુકીને ચાલ્યા ગયા. એમના શિષ્યોએ પણ સેવા ન કરી એમાં સેવકરામનો કંજૂસ સ્વભાવ પણ કારણ ખરો જ. ભગવાને આટલી બધી સેવા કરી છતાં પોતે પોતાના પુરતું બનાવરાવીને ખાય છે. પણ પ્રભુને જમાડતો જ નથી. ભગવાન તો નિઃસ્વાર્થી છે. એમને જીવો સાથે કશો સ્વાર્થ હોતો નથી. જીવોના અવગુણ સામે પ્રભુ જોતા નથી. એક મહિના સુધી સેવકરામની સાથે રહીને તેમની સેવા કરી. હવે એ યાત્રિક સરસ સાજો તાજો શેર ઘી જમી પચાવી શકે તેવો થયો. પણ સ્વભાવ ન ગયો. એમણે માન્યું કે આ વગર પગારનો વેઠીયો સારો મલી ગયો છે. પોતાનો એક મણનો ભાર પ્રભુ પાસે ઉપડાવે ને પોતે ખુલ્લાં હાથે ચાલતો. પણ ભગવાન ભક્તોના પ્રેમ ભાર ઉપાડે છે પણ ધનભાર નહીં. સેવકરામની સેવા કરી સાજો સારો બનાવી પછી પ્રભુ ત્યાંથી રામેશ્વર પધાર્યા હતા.

સુચારિત્ર્યનું નિર્માણ એકલા ઉપદેશથી થતું નથી. એની સાથે એવા જ આચરણો જોઈએ છે. ઉપદેશ અને આચરણ વડે જ જગતમાં ચારિત્ર્યનું નિર્માણ થઈ શકે છે.

ઈતિહાસ સાક્ષી પુરે છે કે ગુજરાત, કચ્છ,

કાઠીયાવાડમાં સહજાનંદ સ્વામીએ અજબ જાગૃતિ આણી હતી. પછાત ગણાતી કેટલીય કોમોને એમણે ઉચ્ચ જીવન વાળી બનાવી હતી. ચોર લૂંટારાઓને સમાજના સાચા સેવકો અને ભક્તો બનાવ્યા હતા. સમાજમાં માનીવય અને ધાર્મિક શુભ સંસ્કારોનું સિંચન કર્યું હતું. આ બધું શાથી થયું ?

સર્વોપરી શ્રીહરિ એ જ એનો ખુલાસો કર્યો છે. એમણે જે જે કર્યું છે તે એકલા ઉપદેશ દ્વારા નહી પણ આચરણ દ્વારા કર્યું છે. એને માટે ઉપરનો દાખલો વાંચતા જ આપણને યાદ આવશે કે યાત્રામાં જતા હતા છતાં માંદા માણસની સેવાને પ્રથમ સ્થાન આપ્યું અને પછી શિક્ષાપત્રીમાં પણ લખ્યું કે માંદો એવો જે હરકોઈ મનુષ્ય તેની ચાકરી જીવનપર્યંત કરવી.

શુષ્ક અને લુખા ઉપદેશથી સમાજમાં સુચારિત્ર્યનું નિર્માણ થઈ શકતું નથી. સમાજને ચારિત્ર્યવાન બનાવવા સહજાનંદ સ્વામીએ જાતે ભૂખ તરસ વેઠીને અનેક અપમાનો સહન કરીને પણ સમાજની સેવા કરી છે. સેવા અને સમર્પણ વડે સમાજના જીવનમાં દિવ્ય જ્યોતિ પ્રગટાવી છે. સમાજને ઉચ્ચ ચારિત્ર્યવાળા બનાવવા માટે અનેકવિધ રસ્તાઓ સૂચવ્યા છે. આજે આ યુગમાં જ્યાં ને ત્યાં ચારિત્ર્યની પડતી જોવામાં આવે છે. સર્વત્ર માનવતાહિન વર્તણુંક, નીતિ, સંયમ, સેવા જેવા સદ્‌ગુણોનો તો જાણે ઉપહાસ થઈ રહ્યો છે. આવા યુગમાં પણ ચારિત્ર્ય નિર્માતા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના આચરણો અને ઉપદેશોને આપણે યાદ કરીશું, જીવનમાં ઉતારીશું તો સુચારિત્ર્યની પુનિત સરવાણી આપણા જીવનમાં જરૂર વહેતી રહેશે.

●

## સર્વોપરી મહામંત્ર

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

વ્હાલા મિત્રો ! તમને ઘણીવાર એવો વિચાર આવતો હશે ને કે આપણી પાસે એવી કોઈ શક્તિશાળી વસ્તુ આવી જાય કે જે વિચાર કરીએ તે બધુ કામ સહેજે સહેજે થઈ જાય ! તમને ખબર છે કે એવું શક્તિશાળી પરિબળ આપણી પાસે છે એ પરિબળ શું હશે ? નથી ખબર ? તો આજે આપણે એ પરિબળ વિશેની જાણકારી મેળવીએ અને તે પરિબળ કેવું કાર્ય કરે છે તે પણ જાણીએ.

મિત્રો ! તમે તૈયાર છો ને ? ચાલો તો હવે આ વાત વાંચો. આ વાત કોઈ મનગડંત નથી પણ આપણા સંતોના વાર્તા સાહિત્યમાં આ વાત નોંધાયેલી છે. આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ છપૈયાથી પાછા અમદાવાદ આવી રહ્યા હતા. આ સમાચારની જાણ થઈ એટલે માણસાના નરસીભાઈને વિચાર આવ્યો કે મહારાજશ્રી છપૈયાની યાત્રા કરીને પરત આવી રહ્યા છે તો ચાલો સામા જઈને તેમનું સ્વાગત કરીએ.

નરસીભાઈ તથા સાથે થોડા સંતો અને હરિભક્તો માણસાથી ખેડા જીલ્લાના ચિખલોડ ગામ સુધી સામે ગયા. ચિખલોડમાં મહારાજશ્રીના દર્શન કર્યા. પગે લાગ્યા. સભા ચાલુ હતી. રાત્રિનો સમય હતો. નરસીભાઈને લઘુશંકા કરવા જવું પડ્યું તેથી સભાથી થોડે દૂર લઘુશંકા કરવા ગયા. ત્યાં ભયંકર કાળા નાગે દંશ દીધો. નરસીભાઈના મુખમાંથી સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... ચીસો નીકળી ગઈ. સાંભળીને સભામાંથી સહુ ત્યાં પહોંચ્યા. ગામ લોકો કહેવા લાગ્યા, અહીં બહુ ભયંકર નાગ છે. તે જેને કરડે તે કોઈ બચતું નથી. પણ નરસીભાઈ અર્ધબેભાન અવસ્થામાં બોલ્યા કે સહુ ધૂન કરો. મહારાજશ્રી, સંતો, હરિભક્તો સહુ ધૂન કરવા લાગ્યા. અડધો કલાક જેટલો સમય પસાર થયોને નરસીભાઈના શરીરમાં પ્રસરી ગયેલું ઝેર ધીમે ધીમે દૂર થવા લાગ્યું ને થોડી વારે તો નરસીભાઈ સ્વસ્થ થઈ ગયાને સહુ સત્સંગીઓ સાથે ધૂન બોલાતી હતી એમાં જોડાઈ ગયા.

ત્યાં ઉપસ્થિત સહુ સંતો, ભક્તો તથા ચિખલોડ ગામના સહુ ભાવિકો તો અચરજ પામી ગયા. આ શું !! જેને આ નાગ કરડ્યો છે તેમાંથી હજુ સુધી કોઈ બચ્યાં નથી તરત જ મૃત્યુ પામી જાય છે પણ આ તો એકદમ સ્વસ્થ થઈ ગયા !!! આ તે કેવો ચમત્કાર !! બધા વિસ્મયથી વિચારવા લાગ્યા. આપણા સંતોએ લખ્યું છે કે ''સ્વામિનારાયણ'' નામ એ ષડક્ષરી મહામંત્ર બહુ બળિયો છે. તેના રટણથી ગમે તેવા પાપીનું પણ કલ્યાણ થઈ જાય. સંતો એ તો એટલે સુધી પણ લખ્યું છે કે જો પુરી આસ્થાથી આ નામનું સ્મરણ કરવામાં આવે તો કાળાનાગનું ઝેર પણ ઉતરી જાય તેવો સમર્થ આ મંત્ર છે.

**''ષડક્ષરી મંત્ર મહા સમર્થ, જેથી થશે સિધ્ધ સમસ્ત અર્થ,**
**સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે''**

મિત્રો ! હવે ખ્યાલ આવ્યો કે આપણી પાસે ક્યું શક્તિશાળી પરિબળ છે ? જો ઘણીવાર આપણને ખ્યાલ ન હોય તો હાથમાં ચિંતામણી હોય છતાં પથ્થર સમજી તેનો કાગડા ઉડાડવા ઉપયોગ થઈ જાય અને પછી ખ્યાલ આવે ત્યારે પસ્તાવાનો પાર ન રહે. માટે પછીથી પસ્તાવું ન પડે તે માટે અત્યારથી જ આપણી પાસેના શક્તિશાળી પરિબળને સતત સ્મરણમાં રાખીએ.